જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૭/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૩૫૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૬/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૪	૦	૧૧૬૩૪	૧૭૭૪૫	૦	૧૭૭૪૫
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૭	૦	૬૨૬૭
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૨	૦	૧૦૨	૩૫૨	૦	૩૫૨
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૫૮૪૬	૧૩૧	૬૫૯૭૭	૬૬૫૫૩	૧૩૧	૬૬૬૮૪
કુલ		૮૨૩૧૪	૧૩૧	૮૨૪૪૫	૯૦૯૧૭	૧૩૧	૯૧૦૪૮

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૪	૨,૫૩,૫૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૫૫૮	૧૫,૫૮,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઇસનપુર પોલીસ સ્ટેશન

ચોરીના સોના-ચાંદીના ઘરેણા કિંમત રૂપિયા ૫૭,૧૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૩ કિંમત રૂપિયા ૧૩,૦૦૦/- તથા ગુનામા વાપરેલ રીક્ષા કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- ની મળી કુલ રૂપિયા ૧,૩૦,૧૦૦/- ના મુદ્દામાલ સાથે એક આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી અવાર-નવાર મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સુચના આપેલ હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓની સુચના અને માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૨૫/૦૭/૨૦૨૧ ના કલાક ૨૦/૦૦ વાગે શાહઆલમ દરવાજા ખાતેથી એ.એસ.આઇ પરેશભાઇ રામભાઇ તથા અ.પો.કો મયુરસિહ રમેશભાઇ તથા લોકરક્ષક રોહીતસિહ નટુભા નાઓને મળેલ સયુક્ત બાતમીથી આરોપી સોહીલમીયા ઉર્ફે મોટાભાઇ સ/ઓ યુસુફમીયા જાનીમીયા શેખ ઉ.વ ૨૫ રહે,મ.નં ૩૮/૩ સાઇડ એન્ડ સર્વિસના છાપરા ગંજશહીદ કબ્રસ્તાનની સામે દાણીલીમડા અમદાવાદ શહેરનાને પકડી પાડી તેની પાસેથી (૧) એક સોનાનુ મંગળસુત્ર વજન ૧૬.૨૦૦ ગ્રામ કિંમત રૂપિયા ૬,૦૦૦/-તથા (૦૨) સોનાની બુટ્ટી નંગ-૨ ડાયમંડવાળી વજન ૫.૦૦૦ ગ્રામ કિંમત રૂપિયા ૬,૦૦૦/-તથા (૦૩) સોનાના ઝુમ્મર નંગ-૨ વજન ૫.૪૦૦ ગ્રામ કિંમત રૂપિયા ૪,૦૦૦/-તથા (૦૪) એક સોનાની "ઓમ"ના પેન્ડલ વાળી ચેઇન વજન ૬.૬૧૦ ગ્રામ કિંમત રૂપિયા ૧૨,૦૦૦/-તથા (૦૫) એક સોનાની લેડીઝ વિંટી વજન ૧.૯૪૦ ગ્રામ કિંમત રૂપિયા ૩,૬૦૦/-તથા (૦૬) સોનાની કાનની શેર નંગ-૨ વજન ૪.૭૪૦ ગ્રામ કિંમત રૂપિયા ૪,૦૦૦/-તથા (૦૭) એક ચાંદીનો કમ્મરનો લેડીઝ કંદોરો વજન ૩૭૩.૮૦૦ ગ્રામ કિંમત રૂપિયા ૫૨૫૦/-તથા (૦૮) ચાંદીના સાંકળા નાની ધુઘરીવાળા નંગ-૨ વજન ૨૪૨.૨૦૦ ગ્રામ કિંમત રૂપિયા ૩૫૦૦/-તથા (૦૯) ચાંદીના પગના ઝાંઝર (છડા) મોટી ધુઘરીવાળા નંગ-૨ વજન ૧૩૩.૦૦૦ ગ્રામ કિંમત રૂપિયા ૨૨૫૦/-તથા (૧૦) ચાંદીની લકી નંગ-૫ વજન ૧૫૯.૪૦૦ તથા ચાંદીના નાના બાળકના કડા નંગ-૨ વજન ૨૩.૦૦૦ ગ્રામ તથા ચાંદીના ધુઘરીવાળા કડા નંગ-૨ વજન ૩૫.૪૦૦ ગ્રામ તથા ચાંદીનુ પંજાબી ભાતનુ કડુ નંગ-૧ વજન ૧૭.૫૦૦ ગ્રામ તથા ચાંદીનુ ડમરૂભાતનુ કડુ નંગ-૧ વજન ૨૨.૫૦૦ ગ્રામ તથા ચાંદીની બંગડી નંગવાળી નંગ-૨ વજન ૩૫.૦૦૦ ગ્રામ તથા ચાંદીની બે પેન્ડલ સાથેની ચેઇન વજન ૩૩.૮૦૦ ગ્રામ તથા ચાંદીનો નાના બાળકનો કમરનો કંદોરો નંગ-૧ વજન ૨૫.૦૦૦ ગ્રામ તથા ચાંદીની વિંટી નંગ-૪ વજન ૧૬.૦૦૦ ગ્રામ તથા ચાંદીની મોતીની માળા પેન્ડલ સાથેની નંગ-૧ વજન ૮ ગ્રામ તથા ચાંદીની ઘન મેટલની માળા નંગ-૧ વજન ૯.૬૦૦ ગ્રામ જે તમામનુ કુલ વજન ૩૭૭.૨૦૦ ગ્રામ કિંમત રૂપિયા ૧૦,૫૦૦/-મળી કુલ રૂપિયા

૫૭,૧૦૦/-ની મત્તાના સોના-ચાંદીના ઘરેણા તથા (૧) સેમસંગ ગેલેકસી કંપનીનો એમ-૦૧ કોર મોડલનો મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૨૦૦૦/-તથા (૨) સેમસંગ ગેલેકસી કંપનીનો એમ-૦૧ મોડલનો મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૨૦૦૦/-તથા (૩) ઓપો કંપનીનો સી.પી.એચ ૨૧૮૫ મોડલનો મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૯૦૦૦/-નો તથા ગુનો કરવા માટે વાપરેલ સી.એન.જી રીક્ષા નંબર જી.જે-૦૧ ટી.બી-૮૮૩૪ કિંમત રૂપિયા ૬૦,૦૦૦/-ની મળી કુલ રૂપિયા ૧,૩૦,૧૦૦/-નો મુદ્દામાલ રીકવર કરી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નંબર પાર્ટ-એ ૧૧૧૯૧૦૨૨૨૧૨૬૭૯/૨૦૨૧ ઇપીકો કલમ ૪૫૭,૩૮૦ મુજબનો ગુનો શોધી કાઢેલ છે. તા.૨૭/૦૭/૨૦૨૧



રાણીપ પોલીસ સ્ટેશન

પોકેટ કોપ મોબાઈલ ફોન આધારે સાબરમતી પો.સ્ટે.ના ગુનાનો મુદ્દામાલ શોધી કાઢતી રાણીપ પોલીસ

મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબશ્રી સેક્ટર-૦૧ અમદાવાદ શહેર તથા મે ના પોલીસ કમિશ્નર સાહેબશ્રી ઝોન-૦૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે મ પો કમિ સાશ્રી 'એલ' ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ ઉપરી અધિકારી શ્રી ઓની જરૂરી સુચના તથા માર્ગદર્શન હેઠળ પોકેટ કોપ મો ફોન આધારે બિનવારસી હાલતમાં પડી રહેલ વાહનોની તપાસ કરી કોઈ ગુનાહીત મળી આવેથી કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ પોલીસ ઇન્સપેક્ટર જે.બી.ખાંભલા રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની જરૂરી સુચના તેમજ સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડ રાણીપ પો સ્ટે અમદાવાદ શહેર ના એ.એસ.આઈ મહેંન્દ્રભાઇ સોનાભાઇ બ.ન ૭૭૩૭ તથા અ.પો.કો લાખાભાઇ દેહાભાઇ બ.ન ૬૯૩૫ તથા અ.પો.કો સંતોષકુમાર કનૈયાલાલ બ.નં ૪૮૦૬ તથા અ.લો.ર કિરણકુમાર રસિકભાઇ બ.ન ૧૨૨૨૭ એ રીતેના માણસો સાથે રાણીપ પો સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન રાણીપ પોલીસ લાઇનની બાજુમાં આવેલ અક્ષયજ્યોત એપાર્ટમેંન્ટની સામે ખુલ્લી જગ્યામાં એક બિનવારસી હાલતમાં પડી રહેલ ઓટો રીક્ષા જે લીલા કલરની પીળા હુડ વાળી ટાયર વગરની જેની આગળ તથા પાછળ આર.ટી.ઓ રજીસ્ટ્રેશન નંબર GJ-01-DX 8744 જેનો ચેસીસ નંબર MD2A24AZ1FWA09344 તથા એંન્જિન નંબર 24ZWFA21702 જેવો લખેલ વંચાય છે તે કિમત રૂપિયા ૪૦,૦૦૦/- જેટલી ગણી શકાય તે સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે પંચનામાં વિગતે કબજે કરી ઓટો રીક્ષાના માલિકની તપાસ કરતા સદર ઓટો રીક્ષાના માલિક ધરમેંન્દ્રકુમાર રામશંકર પાંન્ડે રહે મ.નં R/130 માનસરોવર ટાઉનસીલ ચાંદખેડા અમદાવાદ શહેર નાઓનું નામ સરનામું મળી આવતા જેઓની તપાસ કરી પુછપરછ દરમ્યાન તેઓએ સાબરમતી પો સ્ટે પાર્ટ 'A' ૧૧૧૯૧૦૩૯ ૨૧૧૬૦૫/૨૦૨૧ ધી ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ તારીખ ૨૪/૦૭/૨૦૨૧ નારોજ ગુનો દાખલ થયેલ હોવાની હકીકત જાણવા મળેલ હોય જે સાબરમતી પો.સ્ટે.ના ચોરીના ગુનાના કામનો મુદ્દામાલ પોકેટ કોપ મોબાઇલ ફોન આધારે શોધી કાઢી સારી કામગીરી કરેલ છે.

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૩૫૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૨૯ લીટર દેશી દારૂ, ૧૦૨ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩,૧૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૩૫૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૩૫૮/૨૦૨૧**

સાયબર ક્રાઈમઃ અરુણ પ્રેમસિંઘ સુંદરીયા, ઉ.વ-૩૪, ધંધો- વેપાર રહેવાસી- એ- ૧૨૩, જીવન જ્યોત સોસાયટી, મનમોહન પાર્કની પાસે, ઓઢવ) એ તા.૨૬/૦૭/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૩/૨૦૨૧ના રોજ મોબાઈલ નંબર +૪૪ ૭૫૯૧૯૭૪૨૪૩ તથા +૪૪ ૭૫૧૬૧૦૯૫૪૫ ના ધારકે મોરીયા વોલ્ટેડ નામની ઓળખ આપી વિદેશમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી ત્યા ફાર્માસિટ્યુકલ કંપનીમાં કામ કરતા હોવાનુ જણાવી આ કંપનીમાં ભારતમાંથી આવતુ URAZI HERBAL LIQUID OIL ઉંચા ભાવે વેચાતુ હોવાનુ જણાવતા અરુણ સુંદરીયા ધંધામાં સહભાગી બનાવી વિશ્વાસમાં લઈ, મોબાઈલ નંબર +૪૪ ૭૫૨૦૬૦૮૩૯૮ તથા +૪૪ ૭૪૪૦૦૬૪૪૨૫ ના ધારકે માઈકલ ઝુમા નામ જણાવી અને +૪૪ ૭૪૦૭૦૮૧૮૧૨, +૯૧ ૮૫૨૭૪૩૪૯૦૭ ના ધારકે ડેવીડ જોસેફ તેમજ +૯૧ ૮૭૯૪૮૧૧૩૧૪ ના ધારકોએ ભેગા મળી અરુણ સુંદરીયાને URAZI HERBAL LIQUID OIL ના નામે વેપાર તેમજ ધંધાની લાલચ આપી મોટી માત્રામાં પ્રોફિટ કરી આપવાની લોભામણી લાલચ આપી, અરુણ સુંદરીયા પાસેથી સેમ્પલ પેટે ૨૦ મીલી. લઇ ડોલર ૪૦૦ ચુકવી વિશ્વાસ અને ભરોષો આપી, ત્યારબાદ અરુણ સુંદરીયા પાસેથી URAZI HERBAL LIQUID OIL ના ૫૦૦ લીટરની ખરીદી કરવાનુ જણાવી અરુણ સુંદરીયાને પરચેસ ઓર્ડર આપી, અલગ-અલગ ખાતાઓમાં કુલ રૂપિયા ૫૨,૭૦,૦૦૦/- ઓનલાઇન ટ્રાન્સફર કરાવી વિશ્વાસઘાત અને છેતરપીડીં કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એન.દેસાઈ ચલાવે છે.

ચોરી :- **સમાચાર યાદી નં.૧૩૫૯/૨૦૨૧**

નરોડાઃ રૂપેશ રમેશભાઈ જોગાણી (રહે. રામનગર સોસાયટી ઉતમનગરની સામે નિકોલગામ) એ તા.૨૬/૦૭/૨૦૨૧ કલાક ૮/૩૦ વાગે નરોડા હંસપુરા ખાતે આવેલ સ્ટાર આઈકોન એન્ડ પેરેડાઈઝ નામની બનતી નવી સાઈટ નજીક પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી અજાણી વ્યક્તિ લેપટોપ બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં રોકડ રૂપિયા ૪,૫૦,૦૦૦/- તેમજ જરૂરી કાગળો હતા. આ અંગેની ફરીયાદ રૂપેશ જોગાણીએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

ટ્રેઇનની અડફેટે આવી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૩૬૦/૨૦૨૧**

સોલા હાઇકોર્ટઃ ચાંદલોડીયા રામાપીર મંદિર પાસે, રાધીકાપાર્ક સોસાયટી ખાતે ભાડાના મકાનમાં રહેતા અને મજુરીકામ કરતા દિલીપ નારદપ્રસાદ શર્મા (ઉ.વ.૨૧) (મુળ વતન ગામઃ મહેરીયા તા.ઉતોડા જી.બલરામપુર ઉત્તરપ્રદેશ) તા.૨૬/૦૭/૨૦૨૧ સવારના ૯/૧૫ વાગ્યાના સુમારે સોલા બ્રિજ પાસે ચાંદલોડીયા-આંબલી રેલ્વે ટ્રેક ડાઉન લાઇન કિ.મી.પોલ નં-૫૦૯/૧ પાસે ટ્રેઇનની અડફેટે આવી જતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રણવીરસિહ વજેસિહ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૩૬૧/૨૦૨૧**

વાસણાઃ દિશાંકભાઇ સંજયભાઇ રામી (ઉ.વ.૨૩)(રહે.વિશ્વનગર સોસાયટી, જીવરાજપાર્ક) એ બિમારીથી કંટાળી તા.૨૬/૦૭/૨૦૨૧ સવારના ૧૦/૦૦ થી બપોરના ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં ચાદર બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ગુલાબસિહ સવજીભાઇ ચલાવે છે.

વટવાઃ કિશોરભાઈ કાળીદાસ દંતાણી (ઉ.વ.૭૦)(રહે.સદભાવનાનગર ચાર માળીયા, વટવા) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૭/૨૦૨૧ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૧૧/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી અનિલસિહ પ્રહલાદજી ચલાવે છે.

રામોલઃ કેયુરભાઇ ભરતભાઇ પંડ્યા (ઉ.વ.૨૬)(રહે.વૃન્દાવન સ્કાયલાઇન, યુનાઇટેડ સ્કુલની બાજુમાં, રીલાયન્સ પેટ્રોલપંપની બાજુમાં વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૭/૨૧ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કાળુભાઇ ભુરાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી